Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# વિવેકી વિવેચક : રા. વિ પાઠક

વડનગરી પીયૂષકુમાર જ્યંતીલાલ

ગાંધીયુગના સાહિત્યગુરુ અને સાક્ષર સર્જક રામનારાયણ વિશ્વનાથ પાઠક ગુજરાતી વિવેચનની પરંપરામાં આનંદશંકર ધ્રુવ અને બળવંતરાય ઠાકોરની સાથે એક શ્રધ્ધેય વિવેચક તરીકે પ્રતિષ્ઠિત છે. તેમની કેવળ સાહિત્ય વિવેચનના ક્ષેત્રે જ નહીં પિંગળ ક્ષેત્રે, સંપાદન અને અનુવાદક તેમજ સર્જનના ક્ષેત્રે પણમહત્વની સેવાઓ રહી છે.

રામનારાયણમાં કલાકૃતિની ઊંડી તાદાત્મતા સાથે શાસ્ત્રકારની તટસ્થતા, પારદર્શિતા સાથે સૂક્ષ્મ તાર્કિકતા, સમુદાર દર્શન સાથે અભ્યાસપૂત આકલન જોવા મળે છે. એમના વિવેચનમાં સમતુલા શ્રધ્ધેયતા અને પથ્યતા છે. એમના વિવેચનમાં શાસ્ત્રની શિસ્ત છે. શાસ્ત્રજાડ્ય જનિત કુંઠિતતા નથી. એમાં જીવનની અખિલાઈના સંદર્ભમાં કલાકૃતિમાં સત્ય માટેનો આગ્રહ છે. તેમના વિવેચનમાં સચ્ચાઈના અને આસ્વાદજનિત પ્રફુલ્લિતતાનું તેજ છે. સુંદરમ કહે છે તેમ "તત્વના નિર્મળ નિરાડંબર આલેખનથી જ તેઓ પોતાનું કાર્ય સાધે છે. એ રીતે તેમના લખાણોમાંથી સાહજિક તત્વોપલબ્ધિનો શાંત પ્રસન્ન રસ પ્રાપ્ત થાય છે. તેમની સમગ્ર વિવેચન પ્રવૃતિ કાવ્યની શક્તિનો સાક્ષાત્કાર કરીતેનો સાચો ખ્યાલ સૌને કરાવવાના શિવસંકલ્પની જ રમણીય પરિણતિ રૂપ છે. "એમનું વિવેચન મબલક અને માતબર છે. ગુજરાતી વિવેચનને પાઠકે દઢમૂલક કર્યાનું પ્રદાન છે.

રામનારાયણની આતેજસ્વી શાશ્વત પ્રતિભામાં વિવિધપાસાનું અવલોકન કરતાં એમનું વિવેચનનુંપાસુ સૌપ્રથમ નજરે ચઢશે, ઉમાશંકરે પોતાને ગમતા ત્રણ પ્રમુખ વિવેચકોમાં આનંદશંકર અને બળવંતરાય પછી રામનારાયણનો નિર્દેશ કરેલો, તેઅભિપ્રાય જણાય છે. વિપુલતા તેમજ ગુણવત્તાની દ્રષ્ટિએ રામનારાયણનું વિવિચન પ્રભાવક છે. એ એમની જીવન ભરની મુખ્ય પ્રિય અને સાતત્ય વાળી પ્રવૃતિ રહી છે. 1922થી 1955 સુધીની એમની વિવેચન- કારકિર્દી દરમ્યાન એમણે લગ-ભગ દસેક ગ્રંથોમાં બે હજારથીયે વધુ પૃષ્ઠોની વિવેચન સામગ્રી આપી છે. તે ઉપરાંત એમનું અગ્રંથસ્થ અમુદ્રિત વિવેચન કાર્યતો અલગ. રા. વિ. પાઠકની વિવેચન પ્રવૃતિનોપ્રારંભે ઈ. સ. 1922માં ગુજરાત વિધાપીઠનાસાબરમતી દ્વિમાસિકમાં તેમણે કવિ બાલાશંકર કંથારિયાની કવિતા વિશે એક વિવેચન લેખ લખ્યો ત્યારથી તેમની વિવેચન પ્રવૃત્તિ શરૂ થઇ; એજ અરસામાં તેમણે 'યુગધર્મ'માં અવલોકનો લખવા શરૂ કર્યા, ત્યારથીતેમણે ત્રણેક દાયકા સુધી સર્જનની સાથે વિવેચન પ્રવૃત્તિ કરી, પરિણામે (અ) સાહિત્યકલાગત-'અર્વાચીન ગુજરાતી સાહિત્ય (1933)', 'નર્મદાશંકર કવિ (1936)', 'અર્વાચીન કાવ્ય સાહિત્યના વહેણો 1938, 'કાવ્યની શક્તિ (1939)', 'સાહિત્ય વિમર્શ (1939)', 'આલોચના (1944)', 'નર્મદ: અર્વાચીન ગધ-પધનો આધપ્રણેતા (1945)', 'રાસ અને ગરબો (1954)', 'સાહિત્યલોક (1954)', 'નભોવિહાર (1961)', 'આકલન (1964)', 'કાવ્ય પરિશીલન (1965, નગીનદાસ પારેખ સાથે)', 'શરદ સમીક્ષા (1980)'. (આ)પિંગળગત-'પ્રાચીન ગુજરાતી છંદો-એક ઐતિહાસિક સમાલોચન

(1948)', 'ગુજરાતી પિંગળ નવી દ્રષ્ટિએ (1952)', 'બૃહદ પિંગળ (1955)', 'મધ્યમ પિંગળ (1981)'. અપૂર્ણ ચિમનલાલ ત્રિવેદી અને કાંતિલાલ કાલાણી દ્વારા પૂરું કરાવીને પ્રસિદ્ધ :એમાં પિંગળપ્રવેશનો સમાવેશ કરી લેવાયો છે. વગેરે વિવેચન ગ્રંથો તેમની પાસેથી પ્રાપ્ત થયા છે. ઈયતા અને ગુણવત્તાની ઉભય દ્રષ્ટિએ તેમનું વિવેચન પ્રભાવી છે. વિવેચન એમની જીવન ભરની મુખ્ય સાતત્યવાળી પ્રિય પ્રવૃત્તિ રહી છે. રામનારાયણના વિવેચક તરીકેના વિકાસમાં એમની સાહિત્યિક વિભાવનાઓના ઘડતરમાં ભારતીય કાવ્ય મીમાંસાનો ઊંડો પ્રભાવ જોઇ શકાય છે. 'મમ્ટની રસમીમાંસા', 'ક્ષેમેન્દ્રની ઔચિત્ય વિચારચર્ચા', કાવ્યની શક્તિ', 'કાવ્ય અને સત્ય' જેવા લેખો આ સંદર્ભે તપાસી શકાય. સૈદ્ધાંતિક વિવેચન લેખોમાં એ મીમાંસાધારાનો અનુસંધાન સ્પષ્ટ રીતે જોવા મળે છે. કાવ્યની શક્તિ જીવન અને સાહિત્યનો તેમજ સત્ય અને કાવ્યનો સંબંધ કાવ્યમાં ભવ્યતા, અન્યુક્તિ આદિનું સ્થાન: ટૂંકી વાર્તા સ્વરૂપ વિવેચનના વિવિધ પ્રશ્નો આ સર્વે વિશેની તેમની વિચારણા સૈદ્ધાંતિક વિવેચનના ધ્યાનહાર્દ નમૂનારૂપ છે.

- **કૃતિનિષ્ઠ વિવેચન:** કૃતિનિષ્ઠ વિવેચનમાં પાઠક સાહેબે કાવ્યાસ્વાદ, રસદર્શન, અવલોકન, આકલનથી સમીક્ષા સુધીના વિવિધ પ્રકારો ખેડ્યા છે. 'કાવ્ય પરિશીલન'માંના 'કાવ્યાસ્વાદો' શરદ સમીક્ષાના લેખો, આનંદશંકર ધ્રુવ કૃત 'આપણો ધર્મ', 'વિચાર માધુરી' અને 'દિગ્દર્શન ઉપોદઘાતક' રૂપે લખેલા લેખો 'સરસ્વતીચંદ્ર', 'પૂર્વાલાપ', 'રાઈનો પર્વત', 'વિશ્વગીતા'.

  'કાકાની શશી ', 'તણખા મંડળ ભાગ 1 થી 3' વગેરેના અવલોકનો કૃતિ નિષ્ઠ વિવેચનના દ્રષ્ટાંતો છે. ઈ. સ.1929ના વર્ષના ગ્રંથસ્થ ગુજરાતી સાહિત્યની સમીક્ષા પણ અહીં ઉલ્લેખી શકાય છે.

- **તુલનાત્મક વિવેચન:** રામનારાયણને તુલનાત્મક વિવેચનનો ખ્યાલ છે. તેઓ મહાભારતના 'નલોપાખ્યાન' અને પ્રેમાનંદના નળાખ્યાનની તુલના કરી વસ્તુ દ્રષ્ટિએ પ્રેમાનંદે કેટલાને કેવા ફેરફારો કર્યા છે. તેની નોંધ લે છે. રામનારાયણનો ગુજરાતી સાહિત્ય પરનો પ્રભાવ પણ તેમને તપાસ્યો છે. સૈદ્ધાંતિક વિવેચન કરતાં ભારતીય અનેપ્રાશ્વાત્યપ્રચાટ્યા વિવેચનના કેટલાક નિષ્કર્ષો વચ્ચે રહેલા સામ્યને ચીંધી બતાવે છે. 'કાવ્યરસ' નિષ્પતિ માટે છે. એ ખ્યાલમાં તેઓ 'કલા ખાતર કલા'નો સિદ્ધાંત જુએ છે. તો બીજી બાજુ 'આર્ટ ઓફ ઇલ્યુઝન'ના સિદ્ધાંત શંકુકના ચિત્ર તુરગન્યાયની સાથે મેળ જુએ છે. વળી કાવ્ય જગતના અનુભવને ભાવનાત્મક કહેવામાં બોસંબે (બોઝાંકીટ)ના 'આર્ટ ઈઝ કોમ્ટેમ્પ્લેટિવ'ના ખ્યાલનુંતો કાવ્ય જગતનો અનુભવ આધારણી કૃત છે. તેમાં 'ઓલ આર્ટ ઇઝ

યુનિવર્સલ'ના ખ્યાલનું પ્રવર્તન જુએ છે. તેઓ 'આર્ટ ઇઝ એક્સપ્રેશન ઓફ લાઇફ'સૂત્રનું સ્વારસ્ય આત્મા એ જ સ્થાયીછે. તેમાં આવી ગયેલું જુએ છે. રામનારાયણની સમવય દ્રષ્ટિ કલા એ અનુકરણ છે. અને કલા એ નવ સર્જન છે. એ બંને મતોનું સમાધાન કરી શકે છે. તેઓ મેથ્યુ આર્નોલ્ડની જેમ કાવ્યને જીવનની સમીક્ષા રૂપે તેમજ જીવનની પ્રગટી કરણ રૂપે જુએ છે.

- **ઈતિહાસનિષ્ઠ વિવેચન:** 'અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય"અર્વાચીન કાવ્ય વહેણો 'અને નભો વિહારનો વિચાર કરવો જોઈએ ગુજરાત વિધાનસભા તરફથી અપાયેલા છ વ્યાખ્યાનો પૈકી 'અર્વાચીન કાવ્ય સાહિત્ય'માં ત્રણવ્યાખ્યાનોની સામગ્રી રજૂ થઈ છે. તેમાં ગુજરાતી કવિતાની પધચનાનો ઈતિહાસ રજુ થયો છે. મુંબઈ યુનિવર્સિટીના ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનોને સમાવતા 'અર્વાચીન કાવ્ય સાહિત્યના વહેણો'માં એનું અનુસંધાન જોવા મળે છે. 'કાવ્ય સમુચ્ચય ભાગ 1924' ની ભૂમિકા રૂપે કવિઓના વ્યક્તિગત પ્રદાનને અનુલક્ષીને જે પરિચયાત્મક ઈતિહાસ અપાયો હતો, તેનાથી આ આલેખન આગળ જાય છે. અને વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી પ્રવાહ પ્રદર્શન કરવાની સાથે વિકાસનો આલેખ પણ દોરી આપે છે.

આકાશવાણી પર અપાયેલા વ્યાખ્યાનોનો સંગ્રહ નભોવિહારમાં મધ્યકાળનાં સર્જકલક્ષી અને અર્વાચીન કાળના સ્વરૂપલક્ષીલેખોપણ ઉલ્લેખનીય છે. નર્મદ વિષયક પુસ્તક પણ ઈતિહાસલક્ષી વિવેચનનું નિદર્શન પૂરું પાડે છે. ગુજરાતી સાહિત્યનાં મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્યના પ્રવાહો, સ્વરૂપો, કર્તાઓ અને કૃતિઓ વિશે એમણે અભ્યાસ પૂર્ણ અભિપ્રાયો આપ્યા છે. તેમણે પ્રેમાનંદની હાસ્ય નિષ્પન્ન કરવાની શક્તિનો તેમની પ્રસિદ્ધ આખ્યાનત્રયી સંદર્ભે કરાવેલો પરિચય પ્રસન્ન કરે છે. પૂર્વાલાપની બીજી આવૃત્તિનું સંપાદન કરતાં કાન્તની જીવનદૃષ્ટિ વિકાસ સાથે તેમના કવિ કર્મની વિશેષતાઓ સાંકળી તેનું સમ્યક દર્શન કરાવવાનો તેમનો પ્રયાસ પ્રશંસનીય છે.

રા. વિ. પાઠકે વિવેચનને નવલરામની જેમ એક સામાજિક જવાબદારીવાળુ કાર્યમાન્યુ છે. વિવેચનને તત્વચિંતનનાંએક વેપારતરીકે સર્જનની સાથે રહી જમાનાની ફિલસૂફી ઘડતરના પરિબળ તરીકે સાહિત્યને શુદ્ધ રાખનારા બળ તરીકે તેઓ સ્વીકારે છે. સર્જનની જેમ વિવેચનને જીવન સાપેક્ષ અને જીવનના વ્યાપક અનુભવમાંથી પોષકબળ મેળવનાર આનંદમાંથી ઉદભવેલીને આનંદ માટે પ્રવૃત્તિ લેખે છે. તેઓ વિવેચનને સાહિત્યનાકર્તાકે કૃતિઓ વિશે ચુકાદાઓ આપ્યા કરતી પ્રવૃત્તિ તરીકે નહીં, પરંતુ રસાસ્વાદ સાથે સંકળાયેલી રસતત્વ ગ્રહણ કરતા જીવનનાં રહસ્ય તત્વ સુધી પહોંચતી એક આધ્યાત્મિક પ્રવૃત્તિ

તરીકે અવલોકે છે. વિવેચન સર્જન પર નિર્ભય અને એ રીતે પરાયણ છતાં 'સાચા જીવન સર્જન સાહિત્યના વાંઙ્:મય'પ્રાણધબકાર રૂપ હોવાનું તેમનું મંતવ્ય છે. વિવેચનમાં જીવનના ઊંડાણમાંથી સ્ફૂર્તિ વસ્તુ તરીકે સુરુચિને તેઓ પ્રાધાન્ય આપે છે. રામનારાયણે વિવેચન દ્વારા શુદ્ધ કલા ભાવનાને પ્રતિષ્ઠિત કરી સર્જક ભાવકના રુચિતંત્રને કેળવી સાહિત્યનું વાતાવરણ સંસ્કાર દ્રષ્ટિએ તપ:પૂત અને ગૌરવવંતી બને એ માટેનો વિનીત પુરુષાર્થ કર્યો, તેમના આ પુરુષાર્થમાં ગાંધીયુગીન સંસ્કાર પણ જોઈ શકાય છે.

જીવનમાં કલાનો અને કલામાં જીવનનો મહિમા કરનાર આ ગાંધીસંસ્કારે રંગાયેલા સાક્ષર દ્વારા સર્જનને વિવેચનને વેઠવું પડ્યું નથી. બલ્કે કલાકાવ્યનો જીવન સાથેનો સર્વતોભદ્ર સંબંધ જોનારી એમની દ્રષ્ટિ એ સર્જન અને વિવેચનમાં એકાંગીપણું ન આવી જાય તેની સાવધાની રાખી છે. કાવ્યની રસાત્મકતા સાથે જીવનની રહસ્યાત્મકતાને તેમણે પ્રગાઢ સંબંધ દર્શાવ્યો છે. તેઓ માને છે કે, કાવ્યનો અનુભવ અહંકાર લિપ્ત ન હોવાથી જીવનના અનુભવની તુલનામાં શુદ્ધ હોય છે. અને તેથી કાવ્યમાં Truth is beauty and beauty truth એવી પ્રતીતિથવી સાહજિક છે. કાવ્યજીવનની હીનવૃત્તિમાં વહેતા આત્માને હણે એવો એમનો અભિપ્રાય હોય, પ્લેટોને થયા એવા પ્રશ્નો કાવ્ય બાબતે તેમને થતા નથી. તેથી તેમનું વક્તવ્ય તર્કશુદ્ધ બને છે. ઉપરાંત તેનાથી વિવેચનને આકાર અને ઊંડાણ લાગે છે. વિવેચ્ય વિષયના પડેપડને ઉખેડતા ક્યારેક વિષયની ક્ષિતિજો વિસ્તારીને વ્યાપક બનતી લાગે છે. કાવ્યની શક્તિ કાવ્યમાં વર્ણનનું મહત્વ વગેરે વિશેની વિચારણામાં તેમની આશક્તિની પ્રતીતિ થાય છે. વિષયની તાજગીભરી રીતે વિચાર કરવાની કુશળતા અનેક રૂઢવસ્તુઓમાં નવો અર્થ સ્ફૂરે છે. શ્રૃંગારને કુદરત પ્રેમ અને સમસ્ત માનવજાતિ માટેના પ્રેમ રૂપે વિચારવાનું તેમણે સૂચવ્યું છે. 'રાઈનો પર્વત' તથા 'સરસ્વતીચંદ્ર'ને તેમણે શાંતરસના નવા દર્શન અનુભવના પ્રયત્ન તરીકે ઓળખાવે છે. શાંત રસ જ ખરો સ્થાઈ છે. એવું પ્રતિપાદન કરીને તેઓએ Art is expression of life એ વ્યાપક સૂત્ર રૂપે તેનું વિસ્તરણ કરીને 'આત્મા સ્થાઈ છે' તે સૂત્રમાં સમાવે છે.

પ્રવાહ દર્શન કૃતિ સમીક્ષા સર્જક અભ્યાસ કે પ્રત્યક્ષ વિવેચન હોય બધે જ તત્વ વિચારી ભૂમિકા જોવા મળે છે. તેઓ માનતા હતા કે કાવ્યજીવનનું નવું જ દર્શન કરી ફિલસૂફીનું નવું દર્શન કરેતેસાથે વિવેચન પણ એની પછવાડે પછવાડે ચાલે છે. વિવેચન એ રીતે ફિલસૂફી છે. તત્વચિંતન છે. મણિલાલ અને આનંદ શંકરની પરંપરાને તેઓ આગળ વધારે છે. "શું વિવેચનમાં શું કવિતામાં કે વાર્તામાં કે પછી શું નિત્યનો આચારના ચિંતનમાં ઔચિત્યસુઝ સર્વોપરી છે. તે પરથી જ ગગનવિહારી મહેતાએ

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

તેમને હસતા ફિલસૂફના બિરુદથી નવાજ્યાં છે. ”તેઓ સાહિત્યને જીવન સાથેનો સંબંધ સતત જાળવીને ચર્ચા કરે છે. સત્યમ્, શિવમ્, સુન્દરમ્ દ્રષ્ટાંત લેખે જોઈ શકાય. આ લેખમાં તેમણે સત્યમ્ શિવમ્ તથા સૌંદર્યનો એક સાથે થતો અનુભવનો ચમત્કાર સમજાવ્યો છે. તેમણે ગાંધીજીની સૌંદર્યની ભાવનામાં શ્રદ્ધા હતી, તેથી તેમના લખાણનું ગંતવ્ય મનુષ્ય પ્રેમ બને છે.

તેમણે પ્રાચીન ગુજરાતી છંદોનું સર્વેક્ષણ કરી હેમચંદ્રાચાર્ય અને દલપતરામ વચ્ચેની પિંગળ દ્રષ્ટિએ ખૂટતી કડીની જે પૂર્તિ કરી તેમાં કાવ્યના અનુષંગે છંદોલય, ગેયતા, પ્રાસ વગેરે વિશે વિચારવાનું બન્યું, તેમણેતો સંસ્કૃતવૃત્તો વાપરવાની પરંપરા પ્રાસત્યાગ સળંગ અગેય પ્રવાહીપધ રચનાના પ્રયોગો અને છંદો મિશ્રણો આ સર્વેનું ગુજરાતી કાવ્યસાહિત્યની અર્વાચીનતાના નિર્ણાયક વલણો રૂપે યોગ્ય રીતે જ નિરૂપણ કર્યું. પ્રાસનો પિંગળ સાથે સંબંધ બનાવી તેના મૂળ સંગીતમાં હોવાનો મત પણ તેમણે રજૂ કર્યો. તેમની સમગ્ર વિવેચના ભારતીય કાવ્ય મીમાંસાના મુખ્ય તત્વોને આત્મસાત કરીને ચાલે છે. એમ કરતાં પ્રસંગોપાત સ્વકીય દ્રષ્ટિએ તેઓ રજુ કરતા હોય છે. ખરા કાવ્ય રસની નિષ્પત્તિમાં અનુમાનવ્યાપારનો સ્વીકાર તેમને અનુકૂળ જણાય છે. વ્યભિચારી ભાવોની ગણતરીમાં શાસ્ત્રીયતા જળવાઈ નહીં હોવાનું તેમનું મંતવ્ય છે. વીરરસના પેટા પ્રકારોમાં ક્ષમાવીર, તિતિક્ષાવીર, કર્મવીર, ધીરજવીર જેવા ભેદો ઉમેરી શકાય એમ તેઓ કહે છે. તેઓ હાસ્યની માર્મિક છણાવટ કરતાં તેઓ ઉલ્લાસતા જીવનસાથે અને પોતાના તરફ તટસ્થ રીતે હસી શકવાના બળ સાથે ગૂઢ સંબંધ હોવાનું દર્શાવે છે. મસ્તીને એક રસ તરીકે કાવ્યમાં સ્થાનઆપવાના તેઓ હિમાયતીહતા. વળી રામનારાયણ માધુર્ય તથા ઓજસથી પ્રસાદની વિશેષતા બતાવતાં જણાવ્યું કે, માધુર્ય અને ઓજસ ઉચ્ચાર સાથેતોપ્રસાદને અર્થ સાથે વધુ સંબંધ છે. તેઓ કાવ્ય ગુણોને અનુપ્રાસ જેવા શબ્દાલંકારોની કક્ષામાં મૂકવાના મતના છે. વળી ગુણ તથા અલંકારની કાવ્યગતના રસપોષકતામાં તેઓ ઉચ્ચાર વાચક ક્રમ સ્વીકારતા નથી. તે શબ્દાલંકાર’ શબ્દ સ્વીકારવા છતાં તેના માટે વર્ણાલંકાર શબ્દની યોગ્યતા એ ચીંધે છે.

રામનારાયણ સૉનેટના ગંભીર ભાવને અનુકૂળ કાવ્ય પ્રકાર તરીકેતો મુક્તકનો એક જશ્લોકમાં સમગ્રપણે આવી જતા કાવ્ય તરીકે પરિચય આપ્યો છે. એક નાના હીરા ઉપર સફાઈ બંધ કારીગરી હોય એવી કારીગરી મુક્તકમાં તેઓ જુએ છે. રામનારાયણે પદનો ગેય પધરચના તરીકે ઉલ્લેખ કરતાં દેશી ભજન ગરબી આદી સ્વરૂપોની પણ આસ્વાદલક્ષી ચર્ચા ‘નભોવિહાર” રાસ અને ગરબા’ વગેરેમાં કરી છે. ગીત કાવ્ય માટે ગીતનું રૂપતા તેમણે અનિવાર્ય માની છે. તેમણે ગઝલનો પણ સમુદાર ભાવે સત્કાર કરતા તેનાં કાર્યક્ષેત્રે થતાં બહોળા પ્રયોગને આધુનિકતાના લક્ષણ તરીકે ઉલ્લેખ્યો છે.

VIDHYAYANA

Vidhyayana - ISSN 2454-8596

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

નવલકથામાં લેખકના આગવા દૃષ્ટિકોણની જિકર કરી છે. ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક સમયને કલાત્મક રીતે સજીવન કરવાની તેઓ લેખક પાસેથી અપેક્ષા રાખે છે. લેખકના જીવનના રહસ્યને વ્યંજિત કરવાની સર્જકતાના પ્રતાપે પાઠકે લોકસાહિત્ય લોકગીત વિશે અછડતી વાત કરીને તેમાં સાહિત્યની સામાજિક સાંસ્કૃતિક દ્રષ્ટિએ જે ઉપયોગીતા છે. જેની વાત કરી, આપણે ત્યાં બાળસાહિત્યના ક્ષેત્રે જે મર્યાદાઓ છે, તે તરફ પણ પ્રસંગોપાત ધ્યાન દોર્યું હતું.

તેમની વિવેચનામાંકળાબળ સાથે કાવ્યબળનોય ખ્યાલ રખાતો જોવા મળે છે. તેમની વિવેચનામાં શાસ્ત્રીયતા છે, પણ શાસ્ત્રી જડતા નથી. ઊંચી કલા રસિકતા છે, પણ પાંડિત્યનું પ્રદર્શન નથી. કલાસૌંદર્યતરફ દ્રોહ નથી. છતાં સત્ય માટેનો આગ્રહ છે. તેઓ સાક્ષરયુગીન વિવેચનાસાથેનું અનુસંધાન રાખીને ગાંધીયુગીન વિવેચનાનો સંગીન પાયો નાંખે છે. તેમનું વિવેચન કાર્ય 'યુગ ધર્મ', 'પ્રસ્થાન' વગેરે સામયિકો નિમિત્તે તેમજ ભાષા સાહિત્યના અધ્યાપન કાર્ય નિમિત્તે જે કંઈ લખાયુંતે પરિણામ રૂપ છે. એમાંના'કાવ્યની શક્તિ', 'પ્રેમાનંદનો હાસ્યરસ', 'કાવ્યનું સત્ય" કાવ્યમાં વર્ણનનું મહત્વ' વગેરે વિષયક લેખો એમની વિવેચનશક્તિના સબળ નમુના તરીકે જોઈ શકાય છે. રસ સિદ્ધાંતની ચર્ચા તથા સાહિત્યના વિવિધ વહેણો વિશેની વિવેચના ધ્યાનપાત્ર રહી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ❖ સંદર્ભ સૂચિ


- રા. વિ. પાઠક ગ્રંથાવલિ ભાગ-2 ટૂંકી વાર્તા અને કિશોર સાહિત્ય, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર. પૃ. 17, 21, 25. આવૃતિ-1990
- રા. વિ. પાઠક ગ્રંથાવલિ ભાગ-4 સાહિત્ય વિવેચ-1, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર. પૃ. 23, 150, 181. આવૃતિ-1991
- રા. વિ પાઠક ગ્રંથાવલિ ભાગ-5 સાહિત્ય વિવેચ-2, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર. પૃ. 5-8, 11, 19, 21. આવૃતિ-1993.